સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

દેશ આખામાં નિર્ભય ફરીને ઠાકરી કરી છે
ને ક્યાંક તમારા પર એકેય કાંકરી પડી છે?!
'કટ્ટરતા' ખૂલ્લી પડી ગઇ આજ ગુજરાતની -
'વિરોધી પ્રત્યે સૌજન્ય'ની સ્થિતિ આકરી પડી છે
(કેજરીવાલ-અટકાયત-પથ્થરમારો)

હાઈકુ

તણાઇ ગઇ!
'રેલી'ની સુનામીમાં
આશા-અપેક્ષા
(કર્મચારીઓ લટક્યા!)

સંહિતા લાગુ!
ગુપ્ત દુરાચારોની
સીઝન શરૂ..
(લાચાર સંહિતા)

ચિંતન

પરકાર્ય વિહન્તા ચ દાંભિકઃ સ્વાર્થ સાધકઃ । છલી દ્વેષી મૃદુઃ ક્રુરો વિપ્રો માર્જાર ઉચ્યતે ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

દંભી-ઢોંગી-વિદ્વાન-પંડિતો-રાજકારણીઓ વિશે અહિં વાત કરવામાં આવી છે.

'જે બીજાનું કાર્ય બગાડે છે, (વિના કારણ કોઇ સત્કાર્યમાં વાંધા-વચકા-વિઘ્નો નાખે છે, અને માત્રને માત્ર પોતાનો જ સ્વાર્થ સિદ્ધ કરવાના સ્વભાવવાળા હોય એ જ એમની મુખ્ય પ્રવૃત્તિ હોય, બીજાનો વિશ્વાસઘાત કરી દગાબાજી કરે, તેમના પ્રત્યે દ્વેષ રાખે - ઉપરથી બહારથી દેખાવે તો નમ્ર-વિવેકી અને શાંત હોય પરંતુ અંદરથી ધારદાર છૂરીવાળા, વિષથી ભરેલા ઘડા જેવા હોય એવા વિદ્વાન-પંડિત-નેતાને 'બિલાડો' કહેવાય છે બિલાડો બહારથી રૂડો-રૂપાળો-શાંત દેખાય છે પણ અંદરથી કાતિલ હોય છે.'

અહીં 'વિપ્ર'ની વાત કહેવામાં આવી છે પણ વિપ્ર એ જમાનામાં જ્ઞાની-પંડિત અને રાજ્યના સલાહકાર કે ધર્માધ્યક્ષ હતા. રાજાઓના સલાહકાર અને સમાજના શુભચિંતક હતા. આવી વ્યક્તિ જો સ્વાર્થી-લુચ્ચા-દંભી-કપટી-દગાખોર અને વિઘ્નકર્તા હોય તો એ 'બિલાડા' જેવા છે એવું ચાણક્ય કહે છે.

સુવિચાર

- ગરીબીનું ય ગૌરવ છે અને ખુદ્દાર છું તેથી, સંબંધોની પ્રતિષ્ઠા શ્વાસમાં અકબંધ રાખી છે - *જનલ્યાણ*
- લખવું એટલે માથું ઉંચકવું, જાત સામે ને જગત સામે શિંગડા ભરાવવા.. લખવાથી જીવનની સમસ્યાઓના મોઢામોઢ થવાય છે, લખવું એ પણ મનગમતો મુકાબલો છે- *ઓસ. ભટ્ટાચાર્ય*
- માણસ જન્મે એ પહેલા સમસ્યા જન્મવા તત્પર, સમસ્યા હંમેશા આપણા કરતાં એક ડગલું આગળ હોય છે અને તેનો ઉકેલ આપણી એક ડગલું પાછળ.. આ બંને વચ્ચે મેળ બેસાડવો એનું નામ જ જિંદગી - *ઉમાશંકર જોષી*
- મનોમંથન કરવું એટલે સર્જનાત્મક ચિંતા કરવી.. આવી સર્જનાત્મક ચિંતાથી સમસ્યાનું સાચું સ્વરૂપ પકડી શકીએ તો એ ઉકેલ ભણીનું પહેલું કદમ છે - *સિસેરો*
- જે પણ કાર્યકરો તેમાં દાનતની શુદ્ધતા, મનની વિમલતા, નિરાભિમાનિતા હોય તેવા તમામ ઇશ્વરાર્પિત કર્મો એ ભગવાનના કર્મો છે એવો ભાવ સેવો તો એ કર્મ નામસ્મરણ અને ભક્તિ બની જશે - *નવનીત*
- ઇશ્વરમાં માનવું એટલે ભ્રમ અને ભેદમાંથી મુક્ત થવું - *બોસો*
- જેમ લાકડું પોતાની અંદર પ્રગટ થતા અગ્નિથી ભસ્મ થઇને નાશ પામે છે એ જ રીતે મનુષ્ય પોતાના હૃદયમાં રહેનાર તૃષ્ણાથી નાશ પામે છે - *મોરારિ બાપુ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજકાલ સરકારી-કચેરીઓમાં મિટીંગ વર્કશોપ-સેમિનાર - એ રોજિંદા કાર્ય જેવાં થઇ ગયાં છે એમાં પણ કંઇ કામ-નિર્ણય કે તારતમ્ય તો નીકળે તો નીકળે પણ ચા-નાસ્તો અને ભોજનમાં શી શી વાનગીઓ રાખવી - ડીસ ૫૦૦-૧૦૦૦ સુધીની થાય - જે કામની મંજૂરી માટે ખર્ચ મંજૂર કરવાનું હોય એના કરતાં આવી 'બેઠક'નો ખર્ચ વધી જાય!

સ્વાતંત્ર્ય પછી તરત, પંડિત ગોવિંદ વલ્લભ પંત ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હતા. ત્યારે 'ઉત્તરપ્રદેશ' પારદર્શક સ્વચ્છ અને ઉત્તમ વહીવટનો આદર્શ નમૂનો હતો... (અત્યારે પણ એ પણ એના વિરોધી ઉદાહરણ માટે)

એક રાજ્યકક્ષાના અધિકારીઓની ત્રણ વાગે મિટીંગ હતી. એમાં ચા અને સામાન્ય થોડો ગરમ નાસ્તો અપાયો. પંત તો નાસ્તો જોઇ ચોંકી જ ગયા. વ્યવસ્થાપકને બોલાવ્યો અને કહ્યું. મિટીંગ ખર્ચ માટે માન્ય તો માત્ર 'ચા'નો ખર્ચ જ છે એવો સરકારી પરિપત્ર છે તો નાસ્તાનો ખર્ચ કેવી રીતે - કોણે આપ્યો?

વ્યવસ્થાપક ગેંગેં-ફેંફેં થઇ ગયો. પંત એની મુંઝવણ સમજી ગયા અને કહ્યું આ બેઠકના ચા-પાણીનો ખર્ચ હું મારી અંગત રીતે ભોગવીશ. બીલ મને આપજો...

સુશાસન અને પારદર્શક વહીવટ આને કહેવાય.

Email - sureshchandrabhatt18@gmail.com

જીવન નાવને યોગ્ય સુકાન આપી ગતિ આપવામાં જ વિકાસ અને શાંતિ પ્રાપ્ત થશે, મન મર્કટને કેળવવા યોગ્ય સોબત કરજો નહીં તો સંગનો રંગ લાગ્યા વિના નહી રહે

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

"અંદર કશુંક બીજું, બહાર કશુંક બીજું,
સારે જ થઇ ગયું છે જીવતર કશુંક બીજું
કાયમ રહી ગયુ છે મનનું બધું જ મનમાં,
કહેતા રહ્યા છે કાયમ અક્ષર કશુંક બીજું."

- રાજેશ વ્યાસ 'મિસ્કિન'

સાંપ્રત સમયની યુવાપેઢી સ્વતંત્રતાના ઓથાર નીચે સ્વચ્છંદી અને ઉચ્છૃંખલ બનીને જૂના મૂલ્યોની ઠાંસી ઉડાવતી જોવા મળે છે. ચલચિત્રો અને ટી.વી. ચેનલોનું આક્રમણ કુમળા માનસને બહેકાવવામાં અગત્યનો ભાગ ભજવે એછે. શયનખંડનો શૃંગારરસ રાજમાર્ગો પર પ્રવાહિત થવા માંડ્યો છે.

મુગ્ધાવસ્થાના ઉંમર પર પગ મુકનાર યુવક - યુવતીઓ પર અત્યારના વાતાવરણની જબરદસ્ત અસર તેમના વ્યવહાર વર્તન પર પડેલી નજરે ચડે છે. તેરથી ઓગણીસ વર્ષની ટીનેજર્સ અવસ્થાઓ સંક્રાતિકાળ એટલે ઉન્માદોના તોફાનોની ભરતી... આવા સમયે યુવાવર્ગ બાહ્ય ટાપટીપ વરણાગી વેડા પણ સવિશેષ કાળજી રાખતો હોય છે. અરીસા સામે ઊભા રહી જુદી જુદી એંગલથી પોતાની જાતને એવલોક્યા કરવું ગમતું હોય છે. પ્રેમકહાનીઓમાં વધારે દિલચશ્પી રહેતી હોય છે. "પ્રેમ કેન્દ્ર સ્થાને હોય તેવા ચલચિત્રો તરફ સવિશેષ ઝોક ધરાવે છે. પ્રેમાભિવ્યક્તિ ભર્યા છેડછાડના દૃશ્યોથી મન બહેલાવું સહજ બને છે. ઇશ્કેમિજાજી ગીતો દિલોદિમાગ પર છવાઇ ગયાં હોય છે. વિજાતીય આકર્ષણ દિન - પ્રતિદિન વધવા લાગે છે. આવી મુગ્ધ પળો એ દિલમાં અરમાનનાં પંખી પાંખો ફફડાવતાં હોય છે."

દોસ્તો!! આ તબક્કો જીવનનો કસોટી કાળ છે. આવા સમયે ઉન્માદમાં જીવનની ગાડીનું સ્ટીયરીંગ ફરી ગયું તો પતનની ગર્તામાં ગબડી ગયા સમજોય. એક ડગલું પણ જો અવળા માર્ગે ભરી ચૂક્યા તો જીવનનો સત્યાનાશ વળી જશે. આ સંક્રાંતિ કાળ યુવાનો કરતાં યુવતીઓ માટે વિશેષ કપરો કાળ ગણી શકાય. શીલભંગ માટે જવાબદાર યુવત માતેલા સાંઢની જેમ ગજ છાતી ફુલાવીને બિન્દાસ્ત હરી ફરી શકશે પરંતુ આપણો સમાજ શીલભંગ યુવતીનું જીવન કડવું ઝેર બનાવી દે છે. શારીરિક વાસનાના ઉન્માદને 'પ્રેમ'નું રૂપ આપી જીવતરનો જુગાર ભૂલેચૂકે ન ખેલી જવાય તેની ખાસ કાળજી રાખજો. આવા મુગ્ધ સમયે ભોળપણમાં અટવાતી કહેવાતી!) સોનેરી જાળ બિછાવીને બેઠા હોય છે... રખે સપડાતા

કવિએ એક ગઝલના શેરમાં કહ્યું છે -

"પતંગાની અગન લઇ ગની, કઇ શોધીએ શાતા,
દીસે છે દૂર પેલી જયોત, ત્યાં જઇ બળી જાશું."

આવા અરમાન મુગ્ધાવસ્થાની તરૂણીઓ અનુભવે અને ઉન્માદમાં આવી પતંગિયાની જેમ આગમાં કુદી પડવાનું વિચારે છે. સાવધાન... આવું ડગલું ભરતાં સો વાર વિચારજો...!!! તમારો કહેવાતો ડિવાઇન લવ - દિવ્ય પ્રેમ એ માત્ર વિષયવાસનાથી તરબતર એવું કામુક શારીરિક આકર્ષણ જ છે. જાતીય ક્ષુધાનો સંયમ ચૂકી જશો તો આફતોના ઓળા આપઘાત કરવા સુધી મજબૂર બનાવશે.

વહાલા યુવત-યુવતીઓ...!!! જીવન નાવને યોગ્ય સુકાન આપી ગતિ આપવામાં જ વિકાસ અને શાંતિ પ્રાપ્ત થશે. મન મર્કટને કેળવવા યોગ્ય સોબત કરજો નહીં તો સંગનો રંગ લાગ્યા વિના નહી રહે. ચારિત્ર્યવાનનો સંગ જીવનને મધુર બનાવશે. વિકારોત્તેજક સાહિત્ય, દૃશ્યો, નાટકો, ચલચિત્રો કે ખોરાકની તો સો જોજ્જ દૂર રહેજો. સદૈવ મનથી તેજસ્વી - દૈવી અને ઉચ્ચ ચિંતન કરતા રહેજો. સંસ્કારલક્ષી સાહિત્ય, ક્રિએટીવ, એક્ટિવીટી - સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા મનોવૃત્તિનું સબલાઇજેશન - ઉર્ધ્વીકરણ કરશો તો મધુર ફળ ચાખવા મળશે.

મિત્રો તારૂણ્યકાળ એ જીવનનો નાજુક વળાંક છે. જીવન પ્રવાહમાં આવતી ભમરી છે. તમે ગાલેફ રહ્યા તો ડૂબી જશો. જીવનમાં નકારાત્મક - નેગેટીવ વલણ છોડી પોઝીટીવ આઉટલુક - હકારાત્મક દૃષ્ટિકોણ કેળવવા પ્રયાસ કરવો રહ્યો. જીવનની મધુરતાનો રસ તરૂણાવસ્થાથી મુગ્ધપળોમાં જ પરિપક્વ બને છે. જો સ્ખલિત થઇ જશો તો હતાશા, અપરાધ ભાવ તમારા સોનેરી ઘડતરકાળને ભરખી જશે. જીવન ખીલવવા - રસભર્યું અને મધુર્યથી છલકાવવા કટિબદ્ધ બનો. તમે જ તમારા ભાગ્ય વિધાતા અને જીવન ઉદ્ધારક છો.

સ્પર્શમણિ : જો આપણે માનવ સમાજને સુખી, સ્વસ્થ અને સંપૂર્ણ બનાવવો હશે, જો વિષમતા, પામરતા અને કટુતા દૂર કરવી હશે, જો કુટુંબોને કિલ્લો કરતાં રાખવા હશે, જો અનેક જાતની જાતીય વિકૃતિઓને તિલાંજલી આપવી હશે તો આપણાં ચુગલો એ નિર્મલ મનથી સંવનન કરતાં શીખવું પડશે, કપટ અને દંભ રહિત નિર્ભેલ પ્રેમ કરતાં શીખવું પડશે.

- rasikvaland1965@gmail.com

સૂર્યકૂકર ઉઘાડી જોયું તો વેફર તો સરસ બની ગઈ'તી પણ પેલી (પ્લાસ્ટીકની) ટ્રે ઉંટિયાની જેમ ચારે બાજુથી ટૈડાઈ ગયેલી!! પંદર રૂપિયાની વેફર ૭૫ રૂપિયાની 'ટ્રે'ની રામકાણી બોલી ગઈ!

નાની અમથી વાત (હળવે હૈયે)

ભગદિવ ભટ્ટ 'હાસ્યાયન'

આમ તો મને કાંક નવી વસ્તુ બનાવવાનો શોખ ખરો. એ જોતાં મને થયું કે આ વખતે વસ્તુ બદલે કાંક ખાવાની ચીજવસ્તુ બનાવું અને એમાંય કાંક નવીન આઇટેમ હોય તો જલસા પડી જાય. બહુ વિચાર્યા બાદ મને થયું કે આ શિવરાત્રી નજીક આવી રહી છે તો તેના માટે ફરાળની જ નવી આઇટમ બનાવું. બજારમાં બટાટાની ચીપ્સ મળે, વેફરેય - તીખી-મોખી મળે છે, કેળાની પણ વેફર મળે છે તો બધાથી જુદી શક્કરીયાની વેફર બનાવી હોય તો કેવું? બસ પછી તો અમલ કેમ કરવો તેનો જ વિચાર કરવા લાગ્યો. વળી એમ પણ થયું કે આમા ગેસ કે વિજળી કાંઇ પણ વાપર્યા વગર બનાવીએ તો આર્થિક બચત થાય ને છાકો પડી જાય!

પછી તો શક્કરિયાય ખરીદ કર્યા અને ધોઇને તેની પાતળી વેફર પણ મેં જ સમારી. પછી એક ટ્રેમાં બધી કાચી વેફર્સ પાથરી દીધી અને ધાબે જઇને સૂર્યકૂકરમાં મુકી આવ્યો. હવે ગેસ અને વિજળી આંટા માટે બાપુ!

સાંજે ધાબે જોવા ગ્યો કે વેફર બની છે ખરી! નહીં તો કાલે ફરી મુકશું. ત્યાં જઇ જોયું તો સૂર્યકૂકર બરાબરનું તપી ગયેલું! તેના મોજા જલદી મળ્ય નહીં એટલે નેપકીન લીધો અને સૂર્યકૂકર ઉઘાડી જોયું તો વેફર તો સરસ બની ગઇ'તી પણ પેલી (પ્લાસ્ટીકની) ટ્રે ઉંટિયાની જેમ ચારે બાજુથી ટૈડાઇ ગયેલી!! પંદર રૂપિયાની વેફર ૭૫ રૂપિયાની 'ટ્રે'ની રામકાણી બોલી ગઇ!

સુરસુરિયું :
સાલુ... ઝાડા થયા હોય ત્યારે ઉદરસનું ઠહકુંય વહમું લાગે!!

આગામી વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ ના ત્રણ વર્ષ માટે સભાના હોદ્દેદારોની ચૂંટણી/વરણી કરવાની કામગીરી ગાંધીનગર સાહિત્ય સભાના ઉપસ્થિત સભ્યોમાંથી કરવા માટે તા ૨૦૧૪ના રોજ સાંજે - ૫.૦૦ કલાકે ગાંધીનગર સાહિત્ય સભાની વાર્ષિક સામાન્ય સભામાં કરવાનું ઠરાવવામાં આવ્યું છે

સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાના સૌ સભ્યશ્રીઓને આથી જણાવવાનું કે માર્ચ-૨૦૧૪ના વર્ષમાં કાર્યરત સાહિત્ય સભાના હોદ્દેદારોની મુદ્દત પુરી થતી હોઇ આગામી વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ ના ત્રણ વર્ષ માટે સભાના હોદ્દેદારોની ચૂંટણી/વરણી કરવાની કામગીરી ગાંધીનગર સાહિત્ય સભાના ઉપસ્થિત સભ્યોમાંથી કરવા માટે તા ૨૦૧૪ના રોજ સાંજે - ૫.૦૦ કલાકે ગાંધીનગર સાહિત્ય સભાની વાર્ષિક સામાન્ય સભામાં કરવાનું ઠરાવવામાં આવ્યું છે. આ માટે ચૂંટણી અધિકારી તરીકેની માનદ સેવા અમૃતભાઇ મોદ આપશે. તેમાં સાહિત્યના સૌ સર્જકો અને ભાવકો એ આગામી વર્ષમાં સાહિત્યસભાના કાર્યક્રમોને વધુ વેગવાન બનાવવા અને સાહિત્ય સભાના સભ્યોને ચૂંટી કાઢવા માટે ઉપસ્થિત રહેવા સૌ સભ્યોને આગ્રહભરી વિનંતી છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

- મહિલાઓ માટે ટૂંકી વાર્તા લેખન શિબિરમાં ભાગ લેવા માટે તા.૩૦ માર્ચ ૨૦૧૪ના રોજ 'એની સરૈયા લેખિકા પ્રોત્સાહન વિધિ' અંતર્ગત મહિલાઓ માટે ટૂંકી વાર્તા લેખન શિબિર જાણીતા વાર્તાકાર રમેશ ર. દવેના માર્ગદર્શનમાં રાખવામાં આવી છે. તે માટે તારીખ ૧૫ માર્ચ ૨૦૧૪ સુધીમાં રૂા. ૧૦૦/- ગોવર્ધન ભવન, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પાછળ, આશ્રમ માર્ગ અમદાવાદ ખાતે ભરીને નામ નોંધાવવા જણાવાયું છે. શિબિરના સંયોજક પારૂલ ક. દેસાઇ (મો. નં.૯૪૨૭૦૨૧૦૪૮) છે.
- તાજેતરમાં સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત 'પાક્ષિકી'માં સાહિત્ય પરિષદના સભા ખંડમાં જાણીતા કવિ-સર્જક ડો. કનૈયાલાલ ભટ્ટે પોતાની વાર્તા 'કલ્પવૃક્ષ'નું વાંચન કર્યું હતું. આ પ્રસંગે કિરીટ દૂધાત, દિવાન ઠાકોર તથા અન્ય નવોદિત વાર્તાકારો અને ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. ડો. કનૈયાલાલ ભટ્ટના ત્રણ પુસ્તકો તાજેતરમાં આવ્યાં છે. બ્રહ્માસ્ત્ર (વાર્તાસંગ્રહ), મોરપીંછના રંગ (લેખોનો સંગ્રહ) અને રાજમાતા કૈકેયી (નાટક) 'ચંક્રમણ' સ્વ. પ્રા. બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટના ડંકેશ ઓઝા સંપાદિત લેખ સંચયના પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો.

અનોખું વ્યક્તિત્વ, ગાંધીવાદી, અભ્યાસી, એક જવાબદાર નાગરીક અને પ્રખર કેળવણીકાર બી.એમ.ભટ્ટ દ્વારા લખાયેલા લેખોનું સંપાદન ડંકેશ ઓઝા દ્વારા કરવામાં આવ્યું છે. તેવા પુસ્તક ચંક્રમણ (ચાલવું) નો વિમોચન સમારોહ તા. ૬.૩.૨૦૧૪ સાંજે પાંચ વાગે નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર, સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે સંપન્ન થયો.

આ કાર્યક્રમનો શુભારંભ કોકીબાબેનની પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. જ્યારે સ્વાગત ગીત પ્રસ્તુત કર્યું હતું. તે પછી કવિશ દ્વારા મહેમાનોને આવકાર સાથે શબ્દ પુષ્પોથી સ્વાગત કરવામામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યસસ્થાને ગાંધીનગર સમાચાર દૈનિકનાં તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા અને અતિથિ વિશેષ પદે ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર કવિ હર્ષદ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય બાદ મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ અને ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહાએ પુસ્તકનું વિયોચન કર્યું હતું. આ પ્રસંગે તેમણે બી.એમ. ભટ્ટ સાથેનાં સંસ્મરણો દ્વારા તેમના મહાન વ્યક્તિત્વને ઉજાગર કરનાર આ પુસ્તક પ્રગટ કરવા બદલ ભટ્ટ પરિવારના સૌ કુટુંબીજનો અને સ્વજનોને બિરદાવ્યા હતા.

અતિથિ વિશેષ હર્ષદ ત્રિવેદીએ બી.એમ. ભટ્ટ સાહેબના અનોખા વ્યક્તિત્વની વાત તેમના અંગત સંસ્મરણો દ્વારા વ્યક્ત કરી હતી. તેમજ આ બહુમુખી પ્રતિભા ધરાવતા આચાર્યના સ્વભાવ, લાક્ષણિકતાઓ અને વિશેષતાઓની વાતો ખુબ જ વિગતે કરી તેમની સહદયતા, એમના બ્રાહ્ય અને આંતરિક વ્યક્તિત્વ તેમજ ઋજુ સ્વભાવ અને પ્રેમાળ ભાવના અંતરંગ પરિચયની સૌને ઝાંકી કરાવી હતી. તે પછી પુસ્તકના સંપાદક ડંકેશ ઓઝાએ પુસ્તકમાં સમાવવામાં આવેલા લેખોની વિગતવાર માહિતી આપી હતી અને હાલમાં તેમની પાસે પ્રા. બી. એમ. ભટ્ટની લખેલ ૩ થી ૪ હજાર પાંનાની ડાયરીઓમાં સંમિત અનુભવો અને અભ્યાસપૂર્ણ વિગતો જનસમાજ સુધી પહોંચે તે માટે બીજું એક પુસ્તક પ્રગટ કરી શકાય તેમ છે એ વાત જણાવી હતી. તે પછી પ્રા. બિંદુબેન ભટ્ટે એક આચાર્ય તરીકે કેવા કપરા સંજોગોમાં સુરેન્દ્રનગર ખાતે ભટ્ટ સાહેબે ખુબ કાબેલિયતથી કામગીરી કરી હતી તેના સંસ્મરણો રજૂ કર્યા હતા. તેમનાં સમય સાથી એવા પ્રો. પંડ્યાએ પણ પોતાના સંસ્મરણો વાગોળ્યાં હતા. તેમજ અન્ય મહાનુભાવોએ વક્તવ્યો આપ્યાં હતા.

આ પ્રસંગે તેમના કુટુંબીજનો, બહેનો, બનેવી તેમજ અમેરીકા સ્થિત મિત્રો અને સ્વજન સ્નેહીઓ દ્વારા પ્રતિભાવો તેમજ ભજનો દ્વારા સમગ્ર કાર્યક્રમને એક દિવ્યતા અને ભવ્યતા આપવાનો સુંદર પ્રયાસ થયો હતો. જેમાં કિરીટ કુમાર તેવાર, કોકિલાબેન શુક્લ, હરિત પંડ્યા, નિર્મલબેન પંડ્યા, જયોત્સનાબેન પંડ્યા તેમજ દેવયાની તેવારે કાર્યક્રમને સફળ બનાવવામાં ખુબ જહેમત ઉઠાવી હતી. નિમંત્રક કવીશ વિનાયક પંડ્યા એ સૌનો આભાર માન્યો હતો. ડંકેશ ઓઝાનું આ કાર્યક્રમમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું.

કાર્યક્રમમાં જાણીતા મહાનુભાવો ગોવર્ધન શર્મા, અરૂણ બુચ, જયરાજસિંહ સરવૈયા, ભરત કવિ, કિશોર જીકાદરા, કનૈયાલાલ ભટ્ટ, નટવર હેડાઉ, પ્રો. પંડ્યા, આલોક ગુપ્તા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનામિકા અંજારીયા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

...અમારા જેવી પરિસ્થિતિ તમારી થાય ત્યારે કોઇ પણ સંકોચ રાખ્યા વિના, અમારી પાસે દોડ્યા આવજો, મારા દીકરાઓ માટે સદા, અમારા દ્વાર ખુલ્લાં જ હશે

વિખરાતો પંખી માળો

લઘુકથા

- નિરંજન ઓઝા

રમણીકરાય ભાવનગર જીલ્લાના વેચાણ વિભાગની કચેરીએથી હેડ કલાર્કની જગ્યાએથી નિવૃત્ત થયા છે. ત્રણ વર્ષ પહેલા નિવૃત્ત થયેલા રમણીકરાયના કુટુંબમાં પત્ની તથા ત્રણ પુત્રો છે. મોટો પુત્ર ડોકટર છે અને ભાવનગર શહેરમાં જ દવાખાનું ધરાવે છે. બીજો પુત્ર નામે મહેશ, ધંધો કરે છે જ્યારે સૌથી નાનો રમેશ પણ દવાનો ધંધો કરે છે. તેને મહિનાના ૨૦ દિવસ ધંધાર્થે બહાર ફરવાનું હોય છે. રમણીકરાય તથા તેમના પત્ની ગોદાવરીબેન બીજા પુત્ર મહેશ પરિવાર સાથે રહે છે કારણ કે મહેશ પરિવાર સાથે રહેવાનું તેમને ફાવી ગયું છે. કોઇ કોઇ વખત, મોટા પુત્ર ડોકટરના ઘરે તેમજ નાના પુત્ર રમેશને ત્યાં રહેવા જાય છે પરંતુ બે દિવસથી વધારે ત્યાં રોકાવાનું તેમને યોગ્ય લાગતું નથી તેથી પાછા ફરે છે.

બીજા પુત્રને પોતાના મમ્મી-પપ્પાને સાથે રાખવામાં બિલકુલ વાંધો નથી પરંતુ જે પ્રકારની બંને ભાઇઓ પોતાના મા-બાપને રાખવાની ફરજમાંથી હાથ ઊંચા કરી દે છે તેનો જ વાંધો છે, વળી તેમના ભાઇઓ અવારનવાર કહેતા ફરે છે કે પિતાના પેન્શનમાંથી અમુક રકમ મળે છે તેથી મમ્મી-પપ્પાને રાખવામાં આવે છે. મહેશે કોઇ પણ દિવસ પોતાના પપ્પાને આ બાબતમાં માંગણી કરી નથી પરંતુ તે જાણે છે કે પોતાની ફરજનો એક ભાગ છે. કોઇ વખત આ બાબતમાં પોતાના પપ્પા સાથે દલીલ કરતો કે તમને સાથે રાખવામાં અમને કોઇ મુશ્કેલી/તકલીફ પડતી નથી પરંતુ બંને ભાઇઓ એક યા બીજા કારણોસર ફરજ સમજતાં નથી તે યોગ્ય નથી. રમણીકરાયને પણ આ દલીલ યોગ્ય લાગે છે તે તેમજ તેમના પત્ની જાણે છે કે પોતાના મોટા પુત્રનો સ્વભાવ તેમજ નાની પુત્રવધુનો સ્વભાવ તેમને અનુકૂળ પડે તેમ નથી તેથી વધારે રોકાણ કરતાં નથી. આવા પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવવા મહેશ પોતાના ઘરે ચર્ચા વિચારણા માટે બંને ભાઇઓનાં પરિવાર સાથે આવવા આમંત્રણ પાઠવે છે.

મહેશના આમંત્રણને માન આપી, મોટાભાઇ ફક્ત એકલા આવે છે. જયારે નાનાભાઇને ત્યાંથી તેમના પત્ની જ એકલા આવે છે. ચર્ચામાં મહેશ જણાવે છે કે આપણા મમ્મી-પપ્પાને મારે ત્યાં ફાવે છે અને તેમને રાખવામાં માટે બીલકુલ વાંધો નથી પરંતુ તમે બંને ભાઇઓ, મને પપ્પાના પેન્શનમાંથી રકમ મળે છે તેથી રાખું છું તે બિલકુલ યોગ્ય નથી. આપણા ત્રણે ભાઇઓનાં મમ્મી-પપ્પા છે તેથી ત્રણે જણાની તેમને સાચવવાની આપણી ફરજ છે પરંતુ તમે તમારી ફરજ ચુકો છો તેથી તમારી ફરજ શું છે તે જાણવા તમને અત્રે બોલાવ્યા છે.

મોટાભાઇ ડોકટર જણાવે છે કે મમ્મી-પપ્પા મારે ત્યાં રહે તેમાં મને વાંધો નથી પરંતુ મારી પત્ની ખૂબ જ ચીવટથી ઘરનું કામકાજ કરતી હોવાથી, જે મમ્મીને કોઇ કોઇ વખત યોગ્ય લાગતું નથી પરિણામે બોલાચાલી થાય છે. આમ મમ્મીને મારે ત્યાં રહેવાનું અનુકૂળ નથી લાગતું.

નાનાભાઇની પત્ની તેની દલીલમાં જણાવે છે કે તમારા ભાઇ મહિનામાં ૨૦ દિવસ ધંધાર્થે બહાર રહે છે. હું સ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા કરું છું. તેથી આખો દિવસ, મમ્મી-પપ્પાને ઘરે એકલાં રહેવું પડે છે. સ્કૂલોથી આવીને હું થાકી જાઉં છું તેથી વધારે વાતચીત મમ્મી સાથે કરી શકતી નથી મારે ત્યાં રહેવું બરોબર લાગતું નથી. વિશેષમાં પપ્પા બધુ ચલાવી લે છે જ્યારે મમ્મી બોલી બોલીને ઘરનું વાતાવરણ બગાડી દે છે.

આ સાંભળી મહેશ કહે છે કે તમારા બંનેના કહેવા ઉપરથી લાગે છે કે તમે મમ્મી-પપ્પાને રાખવા તૈયાર નથી. મિલકતની વહેંચણી વખતે તમે બંને જણા ભાગ લેવા આવશો પરંતુ મમ્મી-પપ્પાને સાચવવા તમને મુશ્કેલી લાગે છે, આ વાતચીત ચાલતી હતી ત્યારે અત્યાર સુધી શાંત બેસી રહેલાં ગોદાવરીબેન ચર્ચામાં પ્રવેશ કરતાં જણાવે છે કે પપ્પાને સાચવવા બધા તૈયાર છે. પરંતુ મને યોગ્ય ન લાગે ત્યારે બોલું તે તમને પસંદ નથી તો એમ કરો, તમારાં પપ્પાને જ તમારે ત્યાં રાખો અથવા અમારા ભાગ પાડી દો. આ સાંભળી, અત્યાર સુધી શાંત રહેલા રમણીકરાય હવે ધડાકો કરતાં જણાવે છે કે અમને રાખવા/સાચવવા માટે તમારા બેમાંથી કોઇ તૈયાર નથી. અત્યાર સુધી અને મુંગે મોઢે મહેશ પરિવારે સાચવ્યા છે હવે અમે તેનો ભાર ઓછો કરવાનું કરવાનું વિચારી રહ્યા છીએ. મેં આપણા ભાવનગર શહેરમાં, ટીવી સ્ટેશન પાસે આવેલા વૃદ્ધાશ્રમમાં અમારાં બે માટે વ્યવસ્થા કરાવી લીધી છે. આવતીકાલથી જ અમે ત્યાં સ્થળાંતર કરવાના છીએ જે તમારાં ત્રણની જાણ માટે, મહેશે અમને સાચવ્યા તેનો ખૂબ ખૂબ આભાર. પરંતુ, અમારા જેવી પરિસ્થિતિ તમારી થાય ત્યારે કોઇ પણ સંકોચ રાખ્યા વિના, અમારી પાસે દોડ્યા આવજો. મારા દીકરાઓ માટે સદા, અમારા દ્વાર ખુલ્લાં જ હશે. આવા આશિર્વાદ સાથે રમણીકરાય પરિવારના "વિખરાતો પંખીમાળો"નો સુખદ અંત આવે છે.